અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં ફુડબિલ સહાયના દરોમાં વધારો મંજૂર કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૧૩/ન.બા.-૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૭/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૧/૦૩/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:- પવછ/૧૫૦૭/ન.બા.૧/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૨/૦૫/૨૦૦૮નો સુધારા ઠરાવ ક્રમાંક:- પવછ/૧૫૦૭/ન.બા.૧/ગ

(૩) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૧૮/૧૧/૨૦૧૩નો પત્ર નં. આવિ /શિક્ષણ /૧/ ફા.ન.૮૦૩/૨૦૧૩-૧૪/૧૫૧૧

ઠરાવ:-

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં ફુડબીલ સહાય મંજૂર કરવા માટેની યોજના હેઠળ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક.(૧) સામેના ઠરાવથી હાલમાં વિદ્યાર્થીદીઠ રૂ.૬૦૦/- લેખે ૧૦ માસ માટે ફુડબીલ સહાય ચુકવવામાં આવે છે. આમ, આ યોજનામાં છેલ્લા પાંચ વર્ષથી ફુડબીલ પેટે ચુકવવામાં આવતી સહાયના દરોમાં વધારો કરવામાં આવેલ નથી. હાલમાં વધતી જતી મોંઘવારી તેમજ અનાજ, કરિયાણા, શાકભાજી સહિતના ભાવવધારાના કારણે જમવા માટે લોજીંગના ભાવમાં વધારો થવા પામેલ હોય આ વધારાને ધ્યાને લેતા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના કમિશનરશ્રી (આ.વિ.) ના પત્રથી આ યોજનામાં ચુકવવામાં આવતા વિદ્યાર્થીદીઠ રૂ.૬૦૦/- ને બદલે રૂ.૪૦૦/- નો વધારો કરીને રૂ.૧,૦૦૦/- કરવા માટે રૂ.૧.૨૦ કરોડની નવી બાબતનો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આ યોજનામાં ચુકવવામાં આવતા વિદ્યાર્થીદીઠ રૂ.૬૦૦/- ને બદલે રૂ.૪૦૦/- નો વધારો કરીને રૂ.૧,૦૦૦/- કરવા માટેની રૂ.૧.૨૦ કરોડની નવી બાબતનો નીચેની શરતોને આધીન સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર – બીસીકે – ૧૫૭ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયમાં ફુડબીલ સહાય મંજૂર કરવા માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૪/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપ સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય

શાખા સિલેક્ટ ફાઈલ